# ૧૧.૬ જીવનને જાળવનારા ઉપદેશ નં. ૨

## હું ઊંચો છું

તત્ત્વચિંતકોમાં જેમનું પ્રથમ હરોળમાં નામ હતું એવા સુપ્રસિદ્ધ તત્ત્વચિંતક ડાયોજેનીઝ.

પોતાના નાના કે મોટા કોઈ પણ વ્યવહાર વડે તેઓ લોકોને ધર્મોપદેશ આપતા.

સિંકદરે સમ્રાટ ડાયોજેનીઝનો પોતાના ધર્મગુરુ તરીકે સ્વીકાર કર્યો હતો, તેથી સિકંદરને સત્પંથ પર લાવો કે તેના દુર્ગુણોને દૂર કરવા તે તેમનો ધર્મ થઈ ગયો હતો.

સિકંદરને 'હું રાજા છું' 'સહુ પ્રજા કરતાં ઊંચો છું' એવું ઘણું અભિયાન હતું. તેથી એ અભિયાનનાં અવગુણને નિર્મૂળ કરવાનો ડાયોજેનીઝે વિચાર કર્યો.

એક વખત ડાયોજેનીસને સમાચાર મળ્યા કે 'સિકંદર સેસક્યુઝ ગામ પાસેથી પસાર થવાનો છે', તેથી તેઓ સેસક્યૂઝ ગામની ભાગોળે આવેલી એક નિશ્ચિત જગ્યાએ પહોંચી ગયા. જ્યાં સૈનિકોના હાડપિંજર હતાં.

સિકંદર સેના પાસેથી પસાર થઈ રહ્યો હતો તે જ સમયે ડાયોજેનીઝ જાણે હાડપિંજરમાં કંઈક શોધતા ન હોય તેવો દેખાવ કરવા લાગ્યા.

સિકંદરે પૂછ્યું : ''અહીં શું શોધી રહ્યા છો ?''

ડાયોજેનીઝે કહ્યું : ''તમારા પિતાશ્રીનાં હાડકાં શોધી રહ્યો છું, પણ સૈનિકોનાં હાંડકાં સાથે એવી મળી ગયાં છે કે અલગ જ થતાં નથી. તમારા પિતાશ્રીના અને એ લોકોનાં હાડકા સરખા જ લાગે છે. કોઈ ખબર નથી પડતી કે એમનાં ક્યાં છે.''

સિકંદર પણ ક્યાં સામાન્ય ન હતો. તે સમજી ગયો કે ગુરુદેવની વાતનું તાત્પર્ય શું છે !

મૃત્યુ પછી પણ જો સહુનાં સરખા જ રહેવાનું હોય તો પછી પૂર્વનાં જીવનમાં 'હું ઊંચો છું' એવું અભિમાન શા માટે ?

स्वदेशे पूज्यते राजा, विद्वान सर्वत्र पूज्यते।

''विद्वान सर्वत्र पूज्यते''

આ પંક્તિ તો ઘણી વાર શ્રવણમાં આવી છે : ''રાજાને પોતાનાં રાજ્યમાં જ મહત્ત્વ મળતું હોય છે જ્યારે વિદ્વાનને સર્વત્ર મહત્ત્વ મળે છે.'' રાજાને ન ઓળખનારા ત્યાંના વિદ્વાનને ઓળખતા હોય છે.

સાક્ષાત આવું જ બન્યું.

મૈસૂરનાં મહારાજા કૃષ્ણદેવ રાય.

એક વખત તેઓ કોઈ કારણસર જર્મનીના પ્રવાસે ગયા. વિશેષ કામ પતી ગયું એટલે ત્યાંનું ‘શિક્ષણતંત્ર કેવું છે’ તે જોવા માટે તેઓ જર્મનીની સ્કૂલમાં ગયા.

સ્કૂલમાં આગેવાનો તરફથી કૃષ્ણદેવ રાયને એક રાજ મહારાજા તરીકે સન્માન મળ્યું.

સ્કૂલમાં સર્વ અધ્યાપકોને તે ખ્યાલ ન હતો કે તેઓ મૈસૂરના મહારાજા છે. માત્ર એટલો જ ખ્યાલ હતો કે તેઓ મૈસૂરથી આવ્યા છે.

કાર્યક્રમનાં સમાપન પછી એક અધ્યાપકે કૃષ્ણદેવરાયને પૂછ્યું : ‘‘તમે મૈસૂરનાં છો ?’’

‘‘હા.’’

‘‘એટલે કે જ મૈસૂરનાં, જ્યાં વિદ્વદ્‌વર્ય રામશાસ્ત્રીજી રહે છે ?’’

‘‘હા, હું એ રામશાસ્ત્રીજીનાં મૈસૂરનો વતની છું.’’

જર્મનીમાં પોતાનું કામકાજ પતાવીને કૃષ્ણદેવરાય પાછા મૈસૂર આવ્યા. આવીને તેઓએ પ્રથમ જાહેરમાં રામશાસ્ત્રીજીનું સન્માન કરવાનું કાર્ય કર્યું. સન્માન સમયે હાર પહેરાવતા કૃષ્ણદેવરાયે રામશાસ્ત્રીને કહ્યું : ‘‘મૈસૂરમાં ભલે તમે મારી પ્રજા તરીકે ગણાતા હો, પણ વિદેશમાં તો લોકો મને તમારી પ્રજા તરીકે જ ગણે છે...

‘‘સ્વદેશે પૂજ્યતે રાજા, વિદ્વાન સર્વત્ર પૂજ્યતે’આ વાક્ય હવે મને સમજાયું છે.’’

## વાક્ ચાતુર્ય

મહારાજા રણજિતસિંહ

તેઓને વિશાળ મિત્રવર્તુળ હતું.

રણજિતસિંહને ફરવાનો બહુ શોખ. એટલે ક્યારેક પણ સમય મળે એટલે તેઓ કોઈ મિત્રને લઈને ફરવા માટે નીકળી જતા.

એક વખત બે-ત્રણ દિવસનો સમય મળ્યો. એટલે મહારાજા મુસ્લિમ મિત્રને સાથે ફરવા માટે નીકળી ગયા.

પર્યટનસ્થળની સમીપમાં જ એક ભવ્ય તીર્થધામ હતું. તેથી રણજિતસિંહ મુસ્લિમ મિત્રને

લઈને ત્યાં દર્શન કરવા માટે આવ્યા. ભગવાનના ધામમાં શાંતિથી બેઠા બેઠા મહારાજ માળા ફેરવવા લાગ્યા. મુસ્લિમ મિત્રએ પણ મહારાજાનું અનુકરણ કર્યું. તે પણ માળા ફેરવવા લાગ્યો.

અચાનક મહારાજની દૃષ્ટિ મુસ્લિમ મિત્ર તરફ ગઈ. તે માળા ફેરવતો હતો તે તેમને ખ્યાલ હતો પણ માળા વિચિત્ર રીતે ફેરવતો હતો. રણજિતસિંહ માળામાં મણકા અંદરની તરફથી ફેરવતા હતા, તો તેમનો મિત્ર મણકા બહારની બાજુથી ફેરવતો હતો. કારણ કે તે મુસ્લિમ હતો.

મહારાજાએ પૂજ્યું : 'તું માળાને ઊંધી દિશામાં કેમ ફેરવે છે?''

મિત્રએ વિચાર કર્યો કે જો મહારાજા આગળ હિંદુ-મુસ્લિમ ધર્મનાં રિવાજની વાત કરીશ તો મહારાજાને દુઃખ લાગશે. ક્યાંક ધર્મની ચર્ચામાં જેમતેમ બોલી પણ જવાય. તેથી ચતુરતાપૂર્વક તેણે જવાબ આવ્યો : ''મહારાજ! આપ મણકાને અંદરની બાજુથી ફેરવો છો મતલબ સદ્‌ગુણોને આપના અંતરમાં ઉતારી રહ્યા છો, જ્યારે હું મણકાને બહારની બાજુથી ફેરવું છું મતલબ અંતરમાં રહેલા દુર્ગુણોને બહાર કાઢી રહ્યો છું.''

રણજિતસિંહ મિત્રનાં વાક્ચાતુર્યથી ખુશ થઈ ગયા.

## કયું જાનવર ?

ગ્રીકનાં વિશ્વપ્રસિદ્ધ વ્યક્તિ ચિંતક ડાયોજેનિઝ.

લોકો તેમને અવનવા પ્રશ્નો પૂછતા અને તેઓ તેના જવાબ સચોટ છતાં વિચિત્ર આપતા.

એક વાર એક યુવાને ડાયોજેનિઝને પૂછ્યું : ''વિશ્વમાં કયા જાનવરનું કરડવું સહુથી ખતરનાક કહેવાફ છે?

ડાયોજેનીઝ ભાર આપીને પૂછ્યું : ''જાનવર?''

''હા''

''કયું જાનવર ?''

''મતલબ પાલતુ જાનવર કે જંગલી જાનવર...''

''સમજ્યો નહીં...!''

‘‘સાંભળ, બીજીવાર નહીં બોલું.’’

‘‘જી...બોલો.’’

‘‘જો જંગલી જાનવર કહેતો હોય તો નિંદક...અને...’’

‘‘અને...?!’’

‘‘અને પાલતુ જાનવર કહેતો હોય તો ખુશામતખોર કરડે એ સહુથી ખતરનાક કહેવાય...’’

યુવાન મૂછમાં જ હસતો રહ્યો...નિંદક અને ખુશામતખોરને મનુષ્ય નહીં પણ જાનવર કહેવાય...

## પાપિણી

મહાત્મા વિહાર દરમિયાન આગળ જઈ રહ્યા હતા ને દૂરથી જનમેદની જોઈ. ત્યાં કેટલાક લોકો જોરોજોરથી બૂમો પાડી રહ્યા હતા.

સમીપમાં આવતા મહાત્માને ખ્યાલ આવ્યો કે કેટલાક ઉશ્કેરાયેલા લોકો કોઈ સ્ત્રીને મારી રહ્યા છે.

‘‘શા માટે તમે આ અબળાને મારો છો ?’’ એક વ્યક્તિને સંબોધીને મહાત્માએ કહ્યું.

‘‘મારો...મારો અને મારો...’’ દૂરથી અવાજ આવ્યો.

‘‘પણ શા માટે ?!’’મહાત્માએ થોડા થોડા અવાજે પૂજ્યું.

‘‘એ પતિતા છે, પાપિણી છે, એણે અધમકૃત્ય આચર્યું છે. એને તો રિબાવી રિબાવીને ક્રૂરતાપૂર્વક મારવી જોઈએ...’’

‘‘એ પાપિણી છે ?’’

‘‘હા’’

‘‘એ પાપિણી હોય તો ભલે તમે પથ્થરે પથ્થરે મારો,પણ....

- તો શા માટે તમે વચ્ચે આવ્યા?’’ મહાત્મા પોતાની વાત કરે એ પહેલા એક વ્યક્તિ વચ્ચે બોલી.

‘‘મારી વાતને સાંભળો, પાપિણીને મારવી જોઈએ, ખૂબ ખૂબ મારવી જોઈએ, પ્રાયશ્ચિત આપવું જોઈએ, પણ એ પ્રાયશ્ચિત્ત આપવાનો અધિકાર કોને છે ? શું તમે જાણો છો

?''

''પ્રાયશ્ચિત આપવાનો અધિકાર કોને''એ કોઈને ખ્યાલ ન હતો, સહુએ એકબીજાની સામે જોયું ને પછી મહાત્માને જ પૂછ્યું, ''એ અધિકાર કોને હોય છે ?''

''પાપિણીને મારવોનો - પ્રાયશ્ચિત આપવાનો અધિકાર તેને હોય છે. જે પાણી ન હોય, જેણે જીવનમાં પાપનું આચરણ ન કર્યું હોય !''

જનમેદનીની પ્રત્યેક વ્યક્તિએ પોતાનાં અંતરમાં દૃષ્ટિપાત કર્યો. એક પણ વ્યક્તિ એવી ન હતી કે જેણે પાપાચાર ન કર્યું હોય. અર્થાત્ કોઈએ પણ પ્રાયશ્ચિત આપવાની પાત્રતા પોતાનામાં  ન દેખાઈ.